GP act-131(1) judgment for lokadalat.

**અમદાવાદ(રુરલ)ના મે.બીજા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

ફોજદારી કેસ નં. / 

ફરીયાદી :- શ્રી સરકાર આંક- ૯૮૬૬/૧૯

વિ. ૯x ૦૭

આરોપી :- આદીલ આબીદભાઈ શેખ

**ગુનો:- જી.પી. એકટની કલમ:૧૩૧ (૧)મુજબ**

---

**ચુકાદો**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ મે.પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી જી.પી. એકટની કલમ:૧૩૧(૧) વિગેરે મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા, તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂઘ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂઘ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ઘરપકડ કરી આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ ફાઈલ કરઈ. સ્પેશ્યલ સીટીંગ માટે ડેઝીનીંગ કરતા આ કામના આરોપીને ઉપરોકત જણાવેલ ગુન્હાના સંદર્ભે સમન્સ કાઢતા તે હાજર થયેલ છે.

૩. ત.ક.અમલદાર ઘ્વારા આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂઘ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને ક્રી.પ્રો.કો કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::-હુ ક મ-::**

આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ: ૨૫૨ અન્વયેજી.પી. એકટની કલમ:૧૩૧(૧) વિગેરે મુજબ શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી **રુા.૨૦૦/-(અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન: ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે લીધેલ મુદામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બિનકિંમતી મુદામાલ કે કિંમતી મુદામાલ જો હોય તો, તેનો અપીલ સમયબાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૪-૦૯-૧૯.

અમદાવાદ(ગ્રામ્ય)

બીજા જ્યુડી.મેજી.ફ.ક

અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.

Scanned by TapScanner